સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

આંખનાં ઇસારે, ધાર્યા રસ્તે, પાટી નાખે છે!
સત્તાના બધાં જ કેન્દ્ર પર એ દાઢી નાખે છે!
વાઢી નાખે છે મૂળ સોત, કાઢે નિંદામણ -
જરા કોઇ કનડે તો કાંટો જ કાઢી નાખે છે..
(સંજય જોષી - નારાજીનામું)

હાઈકુ

ચૂંટણી માયા,
મત, પદ ને મત્તા
કજીયા છોરુ..

ઉડી છે ઉંઘ
- યાદ આવ્યા સમાજ!
જાગ્યા નેતાઓ..

ચિંતન

પ્રથમ દિવસ ચંદ્રઃ સર્વ લૌકેક વંદ્યઃ સ ચ સકલ કલાભિઃ પૂર્ણ ચંદ્રો ન વંદ્યઃ ।
અતિ પરિચય દોષાત્કસ્ય નો માનહાનિર્નવ નવ ગુણ રાગી પ્રાયશઃ સર્વલોકઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'સામાન્ય નીતિ'નો આ શ્લોક માણસની ચંચળવૃત્તિ અને 'અતિશય' પર લગામ ખેંચે છે :-

શુક્લ પક્ષ (સુદ-અજવાળીયાં) ના પ્રથમ દિવસે એટલે કે બીજનો ચંદ્ર - પૂજ્ય અને વંદનીય માનવામાં આવે છે. લોકો તેનાં દર્શન કરવા ઉત્સૂક હોય છે અને એ જ ચંદ્ર જ્યારે પૂર્ણ કળા (પૂનમ) નો થાય છે ત્યારે લોકો તેના તરફ ખાસ ધ્યાન પણ આપતા નથી; અને વંદનીય પણ રહેતો નથી.

ખરેખર વધારે પડતી નિકટતા અને અતિ પરિચયને લીધે ઘણીવાર માનહાનિ પણ થતી હોય છે અને એટલું જ નહીં લોકોનો સ્વભાવ, મનોવૃત્તિ પણ ચંચળ હોય છે, જે નવા નવા પદાર્થો-વ્યક્તિઓ ઉપર પ્રેમ દર્શાવનારાં હોય છે તેમનો પ્રેમ 'સ્થિર' હોતો નથી.

પ્રેમ-આકર્ષણ, મનોભાવ, વૃત્તિ બદલતી રહે એ માનવી સ્વભાવિક છે, વળી અતિ નિકટના પરિચય છે વ્યક્તિના ગુણની સાથે દોષ-સ્વભાવનો પણ 'નિકટ' નો પરિચય થઇ જાય છે અને તેથી તેનો 'પૂર્ણ પરિચય' થઇ જાય છે. પછી 'એક દૂજે કે લિયે' નો ભાવ રહેતો નથી. (બંન્ને પક્ષે) જૂઓને! બાળકોની ટોપલીમાં કેટલાં રમકડાં ભર્યાં હોય છે એ દરેક 'રમકડું' નવું આવ્યું હોય ત્યારે બાળક છાતીએ લગાડી ઉંઘતું નથી! પછી નવું આવે, બીજું આવે ત્યારે તેની સામે જોતું પણ નથી.

સુવિચાર

- સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય એ પાંચેય મહાવ્રતો સાંકળની કડીઓની માફક એકબીજામાંથી જોડાયેલાં છે, સંકળાયેલાં છે, જો સાંકળનો એક આંકડો તૂટે તો આખી સાંકળ તૂટે બધાં જ વ્રતો ભંગ થાય **- રવિશંકર મહારાજ**
- ધર્મ રાજનીતિનો પોષક માત્ર નથી, પરંતુ તેના પાયાના સિધ્ધાંતો પર રાજનીતિ શાસ્ત્રનું નિર્માણ થયેલું છે, ધર્મ જ રાજનીતિક શાસ્ત્રની આધારશીલા છે, તેના વગર રાજનીતિ શાસ્ત્રનું અસ્તિત્વ જ નથી **- વીર સાવરકર**
- શ્રધ્ધા એક એવી શક્તિ છે જેના દ્વારા વેરવિખેર થઇ ગયેલા વિશ્વમાં પ્રકાશ પ્રગટે છે- **હેલન કેલર**
- શાંતિ લાકડીના જોરે સ્થાપી શકાતી નથી, તે તો પરસ્પરની સમજૂતિથી જ લાવી શકાય **- આલ્બર્ટ આઇનસ્ટાઇન**
- શેતાન સામે લડો માનવ સાથે પ્રેમની વર્તો **- સાધુ વાસવાણી**
- સત્ય નિષ્ઠા જ તમારી ઢાલ છે **- શ્રી માતાજી**
- પ્રેમ મિલનના અભાવમાં અને વિરહની વ્યથામાં જ મધુર હોય છે **- શરદ બાબુ**

બોધકથા

આજે નેતાઓ-અધિકારીઓ અબજોનું કાળું-નાણું એકત્ર કરે છે અને અંતે આવક કરતાં સંપત્તિના સ્રોતના છેડા મળતા નથી અને પોતે જેલમાં અને સંપત્તિ જપ્ત થઇ જાય છે. એમને પછી અફસોસ થાય છે કે નહીં એની તો ખબર નથી, પણ જો દાન-પુણ્ય-ધર્મ કંઇક કર્યું હોત તો કયાંક થીગડું કદાચ લાગે પણ.. પણ એમને આવી વૃત્તિ કે વિચાર આવતાં જ નથી..

એકવાર આવા કૌભાંડી અબજોના માલિક પ્રધાનશ્રીની CBI તપાસ શરૂ થઇ, સાહેબ ફફડવા લાગ્યા, ત્યારે ભગવાન બુધ્ધ ત્યાંથી વિહાર કરતા હતા, સાહેબ ભગવાન બુધ્ધના ચરણે પડી રહ્યા અને કહ્યું, ભગવાન! મારી પાસે અબજો છે, કોઇ ખાનાર નથી, પત્ની-પુત્ર એક અકસ્માતમાં મરી ગયાં, જમાઇ સાથે લેણા-દેણીમાં અબોલા છે, મારે દાન-પુણ્ય કરવાં છે આપ કહો હવે હું શું કરું?!

ભગવાન બુધ્ધ પણ તેની સાથે રડવા લાગ્યા. પ્રધાનશ્રીએ પૂછ્યું. અરે! ભગવાન આપની આંખમાં આંસુ?!

ભગવાન કહે, 'મને એનું દુઃખ છે કે તમે કોઇને કંઇ જ દાન-પુણ્ય-મદદ નહીં કરી શકો કારણ કે તમે પોતાની જાતને મદદ કરી શકો એવી તમારી વૃત્તિ જ નથી. તમારા હૃદયમાં કરૂણા નથી, પાયાનું તત્ત્વ પ્રેમ પણ નથી, તમે શંકાશીલ - અને સ્વાર્થીવૃત્તિના સંગ્રહખોર છો, તેથી તમે કોઇને કંઇ આપવા વિચારશો ત્યાં જ તમારો અંતરાત્મા તમને અટકાવશે. આ જોઇ મને પણ રડવું આવે છે.'

જાતિ સંમેલન જરૂરી કે મહા - જાતિ ગુજરાતી સંમેલન

મારી નજરે

- વિષ્ણુ પંડ્યા

તેઓ બધું સગેવગે કરી રહ્યાં છે...

ફરીવાર અન્ના અને બાબા રામદેવ ગાજયા છે. દિલ્હી ઉપરાંત દેશના બીજા ઘણા ભાગમાં દેખાવો થયા અને તે ચાલુ રહેવાના છે.

કોંગ્રેસના નેતાઓ એવું તો માને છે કે, પહેલીવારના અન્ના આંદોલનના જેવું જોમ, જોશ અને જુવાળ અત્યારે નથી. પણ તેમના મનમાં ફફડાટ છે. ફફડાટ અદલ બર્માના શાસક મિલિટરી - નેતાઓના જેવો છે.

બર્મામાં લશ્કરી શાસકોએ પ્રજાને બરબાદ કરીને કરોડો - અબજો રૂપિયાની તિજોરીઓ ભરી લીધી છે. છેલ્લાં ઘણાં વર્ષથી તેને ડર એ વાતનો છે કે જો નવો પક્ષ (આંગ સેન સૂ કી નો) સત્તા પર આવે અને આપણાં ખતરનાક કૌભાંડોની તપાસ શરૂ કરે તો શું થાય? જો તપાસનીશ એજન્સી અને ન્યાયતંત્ર મજબૂત હોય તો જનમટીપ કે ફાંસી જ મળે! ઈજિપ્તમાં ૩૦ વર્ષ એકધારું રાજ કરનાર પ્રમુખ હુસેની મુબારકને કાયમ માટે જેલભેગો કરી દેવાયો તે તાજી ઘટના છે.

પણ ભારતમાં કૌભાંડીઓને લીલાલેર છે અને હૈયે ટાઢક છે. એક તો એવી રીતે નાણાને સગેવગે કરી લીધા હોય કે કોઈ સબૂત મળે જ નહીં. અને જો કેસ થાય તો સીબીઆઈ, બીજી તપાસ એજન્સીઓ એવી નબળી છે કે કેસ ચાલ્યા કરે ન્યાયમાં યે વર્ષો સુધી કેસ ચાલતો રહે અને વહેલા મોડા આ રાજકારણીઓ તેમજ બાબુ સાહેબોને છૂટી જવાની પાક્કી ખાતરી હોય.

એટલે અત્યારે તેઓ અન્ના રામદેવનાં આંદોલન વિશે ખાસ કશું બોલતાં નથી. બધું સગેવગે કરવાની વેતરણમાં છે. કાલે કદાચ ચૂંટણી થાય, જીત ના મળે અને બેકાર થઈ જવાય તો...

''હિન્દુસ્તાની લોકશાહી'' નું હાલનું મૉડેલ દુનિયાનાં કોઇ પણ દેશનાં ભ્રષ્ટાચારીઓને માટે કામ આવી શકે તેમ છે. આમેય આપણે 'જગતગુરૂ' તો છીએ જ ને!

તેમણે શું કરવું જોઈએ?

રાજકીય પક્ષોનાં મુખપત્રની મૂળ ફરજ શી? પણ વિશેની માહિતી આપવી? પક્ષના કાર્યકર્તાને જોઈતી સામગ્રી પુરી પાડવી, જેથી તેની પોતાના પક્ષ માટેની સમજ વધે? કે પક્ષના નેતાઓનાં ભાષણો, નિવેદનો, લોકસભા - રાજયસભામાં વકતવ્યો વગેરેને પૂરાં પાડવાં?

એક બીજી વાત પણ આવી જાય છે તે ભારે મહત્ત્વની છે. પક્ષનું મુખત્ર નેતા - કાર્યકર્તાને 'માર્ગદર્શન' આપતું 'ચિંતન' રજૂ કરી શકે? તેમાં તે પક્ષની નબળાઈને ય ગણાવી શકે? પ્રમોદ મહાજન તો કહેતા કે સરકારમાં તમે 'એ' ટીમ મોકલી હોય, પછી તેને 'બી' ટીમ માર્ગદર્શન આપી શકે?

હંમેશાં ભાજપના 'કમલ સંદેશ' (હિંદી મુખપત્ર) માં 'ખાસ તંત્રી લેખ' (હિન્દીમાં લખ્યું છે - 'વિશેષ સંપાદકીય!') ભાજપના નેતાઓ વિશે ટીકા આવી. મીડિયાને તેમાં ભાજપના આંતરિક ઉહાપોહની ગંધ આવી અને સાંજ થતાં સુધીમાં તો ટીવી - ચેનલેઓ 'આ લેખ મોદીને ફટકારે છે' એવી ચર્ચા પણ કરવામાં માંડી!

ખરેખર તો, પક્ષનાં મુખપત્રો કે પક્ષનાં સમર્થક અખબારો - સાપ્તાહિકોને કોઇ નેતા- કાર્યકર્તા ખાસ ગંભીરતાથી લેતો નથી. પહેલેથી એવી સમજ બંધાયેલી છે કે, પક્ષના છાપાંએ ખાલી વિગતો આપવી - પ્રવૃત્તિની. બાકી ભાંજગડમાં પડવું નહીં. તેવી પરિસ્થિતિમાં 'કમલ સંદેશ' ના સંપાદક (મીડિયાએ પહેલીવાર આ નામ સાંભળ્યું હોવું જોઈએ. આ સજ્જન સંસદ સભ્ય છે, એ સિવાય કોઈ ખાસ કામીગીરી કરી હોય તો તે આપણે જાણતા નથી. એ તો નવાઈ જેવી વાત છે કે, ભાજપમાં કેન્દ્ર સ્તરે તરૂણ વિજય, અને બીજા ઘણાં સમર્થ પત્રકારો હોવા છતાં 'કમલ સંદેશ' કોઈ પ્રભાત જહા નામના ઓળખ વિનાના સંપાદકને સોપાયું છે. એક અંકમાં તેમણે 'સંગઠન સર્વોપરિ' એવું 'બૌધ્ધિક' ઝાડી નાખ્યું છે? તેનાથી તરંગો પેદા થયા... પણ પછી રાબેતા મુજબ થઈ જશે; ભાઈ, કોઈ સાંભળે તો લખીએ, એ ડહાપણ ગણાય!

સંગઠન મજબૂત હોય તો પક્ષ અને શાસનને મજબૂતી મળે છે. એ વાત તો જમાનાથી કહેવાતી આવી છે. તેમાં નવું કશું નથી. નવું હોય તો એટલું જ કે કોણે, કેટલું અને કેવું મંથન કરીને અમલ કરાવવો જોઇએ?

રાજયસભા કે મનોરંજન-સભા?

વિવેકભાન વિના ગમે તે રીતે ઓળઘોળ થવાની ટેવ આપણી મોટી નબળાઈ છે. 'ફિક્સીંગ' ની છેતરપીંડી હોવા છતાં ક્રિકેટની રમતને માથે ઉપાડીને ફરીએ છીએ અને થોડાક રમતવીરો તેમજ આયોજકો કરોડો રૂપિયા ખીસ્સામાં સેરવી લે છે છતાં આપણે તેની સામે જોયા વિના ક્રિકેટને ગળે વળગાડીએ છીએ એ પ્રજા તરીકેની સમજદારીનો દુકાળ નથી તો બીજું શું છે?

સચીનને રાજયસભામાં ભારે હરખભેર મોકલવામાં આવ્યો ત્યાં સુધી તો જાણે ઠીક હતું. (આમેય હવે રાજયસભામાં ગુણવત્તા સિવાયની બાબતોને જ નજરમાં રાખવામાં આવે છે!) પણ જે દિવસે તેણે સોગંધવિધિમાં ભાગ લીધો એને તો રાજયસભાનો મોટો તહેવાર હોય તેવી રીતે હરખ કરાયો. સચીનને એક મિનિસ્ટરે શાલ ઓઢાડી, બીજા તેની સાથે હાથ મેળવીને ધન્ય બની ગયા, રાજયસભાના અધ્યક્ષ પણ આ અભિનંદનના ખેલમાં સામેલ થયા. અરે, આ બધું શું છે? બંધારણના ઘડવૈયાઓએ તો રાજયસભાનું નિર્માણ એટલા માટે કર્યું હતું કે લોકશાહી ભારતનાં શાસન અને તેના કાયદાઓની ઝીણવટભરી ચર્ચા સાથે રાજયસભાના સભ્યો તેનાં જ્ઞાન અને અભ્યાસનો ઉપયોગ કરે. ખરા અર્થમાં વરિષ્ઠો તેમાં ભાગ લે. શું સચીનમાં બૅટ-બૉલ સિવાય ભારતનાં જાહેર જીવનનુ કોઈ વિશિષ્ટ જ્ઞાન છે? બીજી કોઈ બાબતમાં લોકપાલ વિધેયક કે ચૂંટણી સુધારા કે શિક્ષણનાં નવા પ્રયોગો જેવા વિષયો પર યા પછી આર્થિક સુધારણા જેવા મુદ્દે અભ્યાસનિષ્ઠ ભાષણ કરી શકશે? તમે કહેશો કે એવા તો બીજા પણ સભ્યો છે જે ચર્ચામાં ભાગ લેતા નથી તો સચીનનો શૉ વાંક?

વાંક સચીનનો નથી. રાજયસભાને ''મનોરંજન સભા''માં બદલાવી નાખવાની પ્રવૃત્તિનો છે. સચીનને માટે ક્રિકેટનું મેદાન તો બરાબર છે પણ રાજયસભા? રેખા કે જયા ફિલમમાં તો અસરકારક હોઈ શકે પણ કાનૂનો ઘડતા આ સર્વોચ્ચ ગૃહમાં?

'જાતિ' નહીં, 'મહા-જાતિ' સંમેલનો!

હમણાથી નાત-જાતનાં સંમેલનો શરૂ થઈ ગયાં છે. આજે મહેસાણામાં પાટીદાર સંમેલન યોજાયું છે. (તેનાં પોસ્ટરોમાં સરદાર વલ્લભભાઈની સાથે ચીમનભાઈ પટેલની તસવીર છે!!) પછી આદિવાસી સંમેલન થશે. વળી, કુંભાર, વણકર, ઠાકોર, રઘુવંશી, બ્રાહ્મણ, ક્ષત્રિય, લુહાર, સુતાર, કડવા પટેલ, લેઉવા પટેલ, કોળી પટેલ... આ તો થોડાંક જ નામો છે, આવાં જાતિ સંમેલનોનો રાફડો ફાટયો છે. તેનો મૂળ હેતુ શૉ છે?

પોતાના સમાજના વિકાસ પૂરતો મુદ્દો હોય તો આવા જુદાં જુદાં જ્ઞાતિ સંમેલનોમાં કંઈ જ ખોટું નથી. તેનાથી જાતિવાદનું ઝનૂન પેદા થતું નથી, વિકાસની કેડી મળે છે.

પરંતુ કેટલીક વાર એક જાતિનું સંમેલન થાય તેનાથી બીજી જાતિના લોકો ભયભીત થાય છે. અખબારોમાં ચમકેલા કેશુભાઈના સંમેલનની વિરૂધ્ધમાં કાઠી દરબાર વેપારીએ કરેલા કેસ બતાવે છે કે, એવો આરોપ છે કે પટેલોની સભામાં એવા ભાષણો થયાં કે પછી નાનામોટાં તોફાનો પણ થયાં!

આવું ના થવું જોઈએ. ખરેખર તો આજનાં સંજોગોમાં આવાં જાતિ સંમેલનોને બદલે મહાજાતિ સંમેલનો યોજાવાં જોઈએ. આ મહાજાતિ એટલે ગુજરાતી નાગરિક! નાત-જાત-વ્યવસાયનાં ભેદભાવ ભૂલીને ''મહાજાતિ ગુજરાતી'' પોતાના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે સુસંગઠિત થાય તેનાથી રૂડું શું? એમ થાય તો ગુજરાતની એકતા પણ સાર્થક થાય. તેને બદલે માત્ર રાજકીય હેતુથી યોજાતાં જાતિ સંમેલનો તો ગુજરાતમાં ફાટફૂટ પડાવે તેવી આશંકા છે.

વિવેકભાન વિના ગમે તે રીતે ઓળઘોળ થવાની ટેવ આપણી મોટી નબળાઇ છે. 'ફિક્સીંગ' ની છેતરપીંડી હોવા છતાં ક્રિકેટની રમતને માથે ઉપાડીને ફરીએ છીએ અને થોડાક રમતવીરો તેમજ આયોજકો કરોડો રૂપિયા ખીસ્સામાં સેરવી લે છે છતાં આપણે તેની સામે જોયા વિના ક્રિકેટને ગળે વળગાડીએ છીએ એ પ્રજા તરીકેની સમજદારીનો દુકાળ નથી તો બીજું શું છે?

ના, રાજયસભા એ મનોરંજન સભા નથી...

જયારે જયારે દીપ્તીને આ ઘટના યાદ આવે છે ત્યારે ત્યારે તે તેનાં સાસુની આગવી સૂઝ અને પ્રશ્નનો હિંમતથી સામનો કરવાની શૈલી યાદ આવી જતાં તે ભાવવિભોર બની જાય છે

નારી ગુણવંતી

- અનંત પટેલ

આગવી સૂઝ

દીપ્તી આજે એના ભૂતકાળની ઘટનાઓ યાદ કરવા જાય છે ત્યારે તેનાં સાસુએ તેને માટે જે કર્યું હતું તે બધું જ નજર સમક્ષ તાદૃશ થઇ જાય છે...

તે પરણીને સાસરે ગઇ એના પંદરેક દિવસમાં જ તેને ખબર પડેલી કે તેના પતિ અનુપને તે જરાય પસંદ નથી. તે દીપ્તી સાથે લગ્ન કરવા જ સંમત ન હતો. તેનાં મમ્મી-પપ્પાએ દબાણ કરીને તેનું લગ્ન કરાવી દીધું હતું. દીપ્તીને તો આવી કશી ખબર હતી જ નહી, તે તો કોડભર્યા હૈયે સાસરે આવી હતી. સુખી દામ્પત્ય જીવનનું તેનું સ્વપ્ન અનુપનો તેના તરફનો અણગમો જોતાં ભાંગીને ભૂક્કો થઇ ગયું હતું. તેને જીવનમાં ભારે નિરાશા થઇ આવી હતી. અનુપની ઇચ્છા ન હોય કે સંમતિ ન હોય તો તેનાં મમ્મી-પપ્પાએ તેને પરણાવવો જોઇતો જ ન હતો. કેમ કે હવે લગ્ન પછી અનુપ દીપ્તીને ન સ્વીકારે તો તેનું જીવન ધૂળધાણી થઇ જાય... એક કોડ ભરી કન્યાનાં શમણાં અધૂરાં રહી જાય તેવી સ્થિતિ ઉભી થઇ હતી, દીપ્તી એટલી બધી હતાશ થઇ ગઇ કે તેને જીવન ટૂંકાવી દેવાના વિચારો આવવા લાગ્યા... હવે જીવન જીવવાનો કોઇ અર્થ જ નથી... આત્મ હત્યા જેવું અંતિમ પગલું ભરવા માટે તે કૃતનિશ્ચયી થઇ ગઇ હતી!!

- એકાદ વાર તો તેણે અનુપની ગેરહાજરીમાં તેનાં સાસુ-સસરાને લડી પણ લીધું;

"તમારે તો મમ્મી તેમને લગ્ન કરવા દબાણ નહોતું કરવું, એક સ્ત્રી તરીકે તમારે તો આવનારી વહુની વેદનાનો વિચાર કરવો જોઇતો હતો..."

"પપ્પા, તમે જયારે જાણતા હતા કે તમારો છોકરો મારી સાથે લગ્ન કરવા માગતો નથી તો પછી તમારે એને ફોર્સ કરવાની કોઇ જરૂર ન હતી... તમારે તો ઠીક, પણ મારી જિંદગીમા ંહવે શું? મારે તો હવે મરવા સિવાય બીજો કોઇ આરો દેખાતો નથી..." બોલતાં તે રડી પડેલી.

"અરે બેટા, તું આમ અધીરી અને ઉતાવળી ન થા, હું તને કશું જ દુઃખ નહિ પડવા દઉં - ખબરદાર જો મરવાની વાત કરી છે તો -" એમ બોલી તેનાં સાસુએ એને આશ્વાસન અને હિંમત આપવાની વાત કરી.

- બીજી તરફ અનુપ તેની કોલેજની કોઇ છોકરીના પ્રેમ પ્રકરણમાં ફસાયેલો હતો. તેની મમ્મી અનુપ જાણે નહિ તેવી રીતે દીપ્તીને લઇને પેલી છોકરીનાં મમ્મી - પપ્પાને મળવાં ગયાં. તેમને એકાંતમાં મળીને બધી વાત કરી. અને તેમના દીકરા અને વહુના જીવનમાં બરબાદી ન આવે તેના માટે બનતી મદદ કરવા કહ્યું... વિનંતી કરી... પહેલાં તે તે લોકો તેમની છોકરી આવા પ્રેમનાં લપમાં પડી હોય તેવી વાત પણ માનવા તૈયાર ન થયાં પરંતુ જયારે તેમણે તેમની દીકરીને આ વાત પૂછી ત્યારે તેણે ગેં - ગેં, ફેં - ફેં કર્યું તો, તો તેમને વાતની ખાતરી થઇ ગઇ. હવે બનેલું એવું કે અનુપને ભલે દીપ્તી ગમતી ન હતી છતાં તેની સાથે પરણવા તૈયાર થયો હતો પરંતુ તેણે આ વાત તેની પ્રેમિકાથી છૂપાવી હતી. તેની પ્રેમિકાએ આ અંગે સ્પષ્ટતા માગી ત્યારે અનુપનો ભાંડો ફુટી ગયો.

પરિસ્થિતિ બદલાઇ ગઇ. અનુપ તેની પ્રેમિકા આગળ જૂઠ્ઠો પડી ગયો હતો એટલે ફરી તેને મોઢું બતાવવા જઇ શક્યો નહીં. વળી પાછો તે પરણી ચૂક્યો હતો. આ વાત તેનાં મમ્મી-પપ્પા અને દીપ્તી જાણી ગયાં હતાં એટલે ઘરમાં ય તે ભોંઠો પડી ગયો હતો. થોડા દિવસ સુધી તો તે દીપ્તીને બોલ્યો પણ નહિ. દીપ્તીને તેનાં સાસુએ અનુપથી કોઇ પણ પ્રકારે નહિ ડરવા સમજાવી દીધું હતું. પછી તો દીપ્તી પણ હિંમતવાન બની ગઇ. તેના જીવનમાં નવા વિચારો પ્રગટી ગયાં. તેની હતાશા દૂર થઇ ગઇ. દીપ્તી અને અનુપનું લગ્નજીવન ત્યાર પછી મંગલમય બની ગયું...

આજે આ વાતને વરસો વીતી ગયાં છે. દીપ્તીનાં સાસુ તો ગુજરી ગયાં છે પણ જયારે જયારે દીપ્તીને આ ઘટના યાદ આવે છે ત્યારે - ત્યારે તે તેનાં સાસુની આગવી સૂઝ અને પ્રશ્નનો હિંમતથી સામનો કરવાની શૈલી યાદ આવી જતાં તે ભાવવિભોર બની જાય છે. અને તેની આંખ સ્હેજેક ભીંની પણ થઇ જાય છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૦મી જૂન

- ગુજરાતી સાહિત્યમાં પ્રણય કવિ તરીકે જાણીતા કવિ કલાપીની પૂણ્યતિથિ. તા. ૧૦-૬-૧૯૦૦.

રા ૂ ર િ ર ા હ જી તખ્તસિંહજી ગોહિલ. લાઠી રાજયના રાજવી. ૧૯૭૪માં ૨૬-૧-૧૮૭૪માં જન્મ થયો. કલાપીનો કેરારવ, કાશ્મીરનો પ્રવાસ, કલાપીના સંવાદો, કલાપીની પત્રધારા, માલા અને મુદ્રિકા સાહિત્યકૃતિઓ આપી.

- ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ 'બેરિસ્ટર' ની ઉપાધિ મેળવી - ૧૮૯૧.
- ઇન્દિરા ગાંધી અને બ્રેઝનેવ (રશિયા) વચ્ચે મંત્રણા યોજાઇ.
- 'રંગ દે બસંતી' ફિલ્મને આંતરરાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત થયો.
- જર્મનીના મહાન ઉર્મિ કવિ રેઇનર મારિયા મિલ્કેનો જન્મદિન. કલ્પનોમાં તાજગી, ભરચક ઉર્મિશીલતા સફળ અનુવાદક, ૧૯૧૪ માં વિશ્વ યુધ્ધ દરમિયાન યુધ્ધગીતોના રચયિતા. આ કવિ તત્ત્વ જ્ઞાની પણ હતા.

સંગઠનમાં શક્તિ છે, સંગઠન પોતે શક્તિ છે, સંગઠનની ભાવના શક્તિની ભાગીરથી છે, ઇષ્ટની આરાધના માટે અનુકૂલતા ઉત્પન્ન કરવાનું કામ સંગઠન કરે છે... અનિષ્ઠનું નિવારણ કરવાનું સબળ સાધન સંગઠન છે

સંગઠનના સેતુથી મુશ્કેલીઓનો મહાસાગર ઓળંગી જઈએ...

- હર્ષદ પ્ર. શાહ

માનવજીવનમાં સંગઠન એક અદ્‌ભુત બાબત છે. એનું અનેરું સ્થાન છે. સમ્ + સગઠ = સંગઠન. સમન્વિત રીતે ગૂંથાયેલું હોય તેનું નામ સંગઠન. સંગઠન સ્વાર્ત માટે પણ રચાય અને પરમાર્થ માટે પણ! સ્વાર્થ દીર્ઘજીવી અને નિર્વિકાર બની રહે છે.

સંગઠનમાં શક્તિ છે. સંગઠન પોતે શક્તિ છે. સંગઠનની ભાવના શક્તિની ભાગીરથી છે. ઈષ્ટની આરાધના માટે અનુકૂલતા ઉત્પન્ન કરવાનું કામ સંગઠન કરે છે... અનિષ્ઠનું નિવારણ કરવાનું સબળ સાધન સંગઠન છે.

સેનાસંયુક્તશકિંત સા કુરુતે કાર્યમુત્તમમ્ ।
કુટુમ્બઃ સંઘટિતં નૂનં સમાજોડપિ તથા ચ સઃ ॥

સેનાની સંયુક્ત શક્તિ જ કામ કરે છે. સંગઠીત કુટુંબ અને સમાજ ફલે ફૂલે છે. વિઘટન, ભેદ, ફૂટ, તકરાર માણસ માણસને તોડે છે. સમાજ અને રાષ્ટ્રને નબળાં પાડે છે. અધઃપતનનું કારણ બને છે. સંઘટન માણસ માણસને જોડે છે. મન અને હૃદયને સાંધે છે. સમાજ અને રાષ્ટ્રને ઉન્નત બનાવે છે.

દૈત્યરાજ બલિના સેનાપતિએ સ્વર્ગ પર આક્રમણ કર્યું. ત્યાંથી વિશ્વકર્માને પકડીને લઈ આવ્યા. બલિ રાજાએ પોતાના રાજયમાં ઈન્દ્રપુરી જેવું રાજયભવન બનાવવાનો આદેશ આપ્યો. સામાન ભેગો થયો. થોડા જ સમયમાં દૈત્યપુરી તૈયાર થઈ. હવે બલિએ વિશ્વવિજયની તૈયારી કરી અને સેનાપતિઓને વિશ્વવિજય માટે સજાવીને મોકલ્યા.

થોડા દિવસ સુધી તો સફળતા મળી. પણ હવે આગળ વધવું દૈત્ય સેના માટે મુશ્કેલ હતું. અસીમ જનતા આક્રમણકારીઓ સામે તૈયાર થઈ. બલિએ હવે આક્રમણ પડતું મૂક્યું. સેનાને પાછી બોલાવીને કહ્યું, 'સૈનિકોને તો જીતી શકાય પરંત જનચેતનના જાગી ઊઠી હોય એવા સંગઠિત જનમાનસને હરાવવું સંભવિત નથી.'

સાંકળની શક્તિ એની સૌથી નબળી કડી જેટલી છે. ત્યાંથી જ એ તૂટે. એવી જ રીતે સમાજની શક્તિ એના નીચામાં નીચા માનવીમાં રહેલી છે. એના અંતઃકરણમાં સમાજ માટે કેટલી લાગણી અને સંવેદના છે એ જ સમાજની શક્તિનો માપદંડ બની શકે.

પરંતુ સંગઠન એક શ્રેષ્ઠ બાબત છે, ઉચ્ચ સિધ્ધાંત છે... એવું જાણ્યા પછી પણ સમાજના ઘટકો એ અંગે ઘણીવાર સમજતાં નથી. એને વ્યાવહારિક રીતે અપનાવવું મુશ્કેલ છે. નાની નાની બાબતોમાં આપણે લડી પડીએ છીએ. કયાંક અહંકાર ટકરાય તો કયાંક સ્વાર્થ!

લઘુમતી અને બહુમતી, સ્ત્રી જાતિ અને પુરૂષ જાતિ જેવા પ્રશ્નોને લઈ હાથમાં પંજામાં એક વાર બે પક્ષ પડી ગયા.

અંગુઠો પુરૂષ હતો છતાં લઘુમતીને કારણે પાછો પડ્યો. આંગળીઓ સ્ત્રી છતાં બહુમતીને કારણે જીતી ગઈ. એમણે પોતાની સ્વતંત્ર સભા બોલાવી... અને દરેક પોતપોતાની ગુણવત્તા ઉપર ભાષણ કર્યું.

સૌથી ટચલી કહે, ''હું ભલે નાની છું છતાં માન-પાનમાં મોટી છું. લોકો સોનાની વીંટી મને પહેરાવે છે.''

અનામિકા કહે, ''...પણ દેવપૂજાનું શ્રેય તો મને જ છે ને!''

મધ્યમા કહેવા લાગી, ''તમને કદી મારા વિના ચાલ્યું છે? ઘડા ઉપર ટકોરા મારી ભાંગેલા-તૂટેલાની પરખ તો હું જ કરાવી આપું છું ને?''

તો તર્જની બોલી, 'ભૂલ્યાં ભટક્યાંને આંગળી ચીંધવાનું પુણ્ય તો મને જ મળે છે ને!'

...અને સૌ એકી અવાજે બોલી ઊઠી, ''હા, હા, બરાબર છે. આજથી અંગૂઠાનું આપણને કશું કામ નથી. ઠીંગુજી કશો કામનો નથી.''

અંગૂઠો આ બધું સાંભળતો હતો. પણ તે પોતાના બચાવમાં કશું જ બોલ્યો નહીં.

સભામાં ઠરાવ પસાર થયો, ''આજથી અંગૂઠા સાથે અમારો કોઈ જ સંબંધ નથી. અમે તેનાથી છૂટાછેડા લઈએ છીએ.''

પરંતુ આશ્ચર્ય! ઠરાવનો એક પણ અક્ષર કાગળ ઉપર ન ઊઠ્યો. અંગૂઠાના બહિષ્કારનો ચમત્કાર આંગળીઓ સમજી ગઈ. ઠરાવ પાછો ખેંચી લેવાયો.

સંગઠનની ભૂમિકા બને, માનસિકતા બને તો સંગઠન થાય. એકવાર મનુષ્યનું મન સંગઠનની સંકલ્પના સ્વીકારે તો નજીવાં પ્રલોભનો કે આકર્ષણો એને ડગાવી શકતાં નથી.

ગુરુ તેગબહાદુર સાથે સેંકડો શિષ્યો મોગલો સામે ખપી ગયા પરંતુ ઝૂક્યા નહીં. અનેક કષ્ટો સહેવાં પડ્યાં છતાં સંગઠનની માનસિકતાને કારણે ગુરુ ગોવિંદસિંહ લડાયક ફોજ નિર્માણ કરી શક્યા. ભૂમિશયન કરીને અને જંગલી ફળો ખાઈને પણ મહારાણા પ્રતાપ સંગઠન અને દેશભક્તિની ભાવનાથી પ્રેરિત સૈનિકોનો સાથ મેળવી શક્યા.

(અનુસંધાન પાના નં. ૬ પર)